**કપરાડાના નામદાર જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ, સાહેબની કોર્ટમાં, તા. કપરાડા.**

**ફોજદારી કેસ નં. ૧૫૦૩/૨૦૨૬**
**આંક–૦૫**

| **ફરીયાદી** |
|---|
| **૧. શ્રી સરકાર** |

**વિરૂધ્ધ**

| **આરોપી** |
|---|
| **૧. નામ:– ભરતભાઇ રમેશભાઇ કનુજા**<br>**રહેઃ– માલનપાડા બાવળી ફળિયા તા.ધરમપુર જી.વલસાડ** |

**ધારાશાસ્ત્રીઓ:–**

**ફરીયાદ પક્ષ તર્ફે : વિ.એ.પી.પી. શ્રી બી.એસ.ભોયે**

**આરોપી પક્ષ તર્ફે :વિ.વ.શ્રી એ.આર.પટેલ**

**ગુન્હો:–એમ.વી. એક્ટની કલમ –૧૮૫ તથા પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૬(૧)બી મુજબ**

**::ચુકાદો::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૭/૦૮/૨૦૨૫ ના કલાક ૧૭/૩૦ વાગ્યે મોજે વારણા ચેકપોસ્ટ પાસે તા.કપરાડા જી.વલસાડ ખાતે પોતાના કબ્જાની એક સફેદ કલરની ઇકકો કાર રજી. નં.**જીજે–૧૫–સીડી–૨૪૧૫** ને દારૂ પીધેલ હાલતમા રોડ ઉપર લોકોના જીવ જોખમાય તે રીતે હંકારી લાવી પકડાઇ જઇ **મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ તથા પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી** મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરતો હોઇ, કબુલાત પુરસીસ રજુ કરેલ છે.ત્યાર બાદ સદર ગુનાના કામે આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ તેણે ગુનાનો ઇકરાર કરેલ છે અને ગુના કબુલાત પુરસીસમાં તેમજ મૌખીક રજુઆત કરતાં આરોપી જણાવે છે કે, આ તેઓના પ્રથમ ગુન્હો છે તેમજ તેઓ ગરીબ માણસ હોઇ તેમજ કુટુંબકબીલાવાળા હોઈ અને તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એક માત્ર ઇસમ હોય દયા રાખી ઓછમાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે આરોપીએ સ્વેચ્છાએ પોતાની વિરુધ્ધનો ગુન્હો કબુલ કરેલ છે અને દયાની માંગણી કરેલ છે. આરોપીની સદર ગુનાની કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોય, સદર કબુલાત ન માનવા મને કોઇ કારણ નથી. આરોપી જ્યારે તેઓ સામેનો આક્ષેપ કબુલ કરે છે, તે સંજોગો

ધ્યાને લઇ, નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદરહું ચુકાદાના પાના નં.૭૨૧ ના પેરા નં. ૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ મજૂરી કરી, કુટુંબના એકમાત્ર કમાનાર ઇસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઇ તેમજ ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં, આરોપીને કબુલાત બદલ પુરેપુરી સજા નહી કરતાં, આરોપીને ઓછી સજા કરવાથી ન્યાય નો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– ::હુકમ:: –**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ– ૨૭૫ અન્વયે **ધી મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, તેઓને સદર ગુનો કરવા બદલ **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૨૦૦૦/– ( અંકે રૂપિયા બે હજાર પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, દંડ ન ભરવા સબબ તેઓને દિન–૧૦ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ **તા.૧૧ મી, માહે – જુલાઇ, સને – ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– કપરાડા
તા: ૧૧–૦૭–૨૦૨૬

( કમલેશ કિશનચંદ નાથાણી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કપરાડા, જિ. વલસાડ
Code No.GJ 01449